## જન્મદિને વધામણી



અમૃતલાલ સી કાપડિયા
મો. ૯૮૨૫૬ ૮૭૭૧૩



કમલેશ ત્રિલોકસિંહ ખનાયત
મો. ૯૭૨૩૪ ૯૬૧૪૮



મંથન ભરત પરમાર
મો. ૯૯૦૪૦ ૭૮૯૭૬



ટ્વિંકલ ભરત પરમાર
મો. ૯૯૦૪૦ ૭૮૯૭૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં

# ગણતંત્ર દિવસ અને સ્પોર્ટ્સ ડેની ભવ્ય ઉજવણી





ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ગણતંત્ર દિવસ અને રમતોત્સવની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી માં કી વંદના, ધ્વજવંદન અને પરેડ દ્વારા કરવામાં આવી. શિક્ષકો દ્વારા આઝાદી વિશે માહિતી આપવામાં આવી. ઉપરાંત શાળાના અગિયારમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી. આ પ્રસંગના મુખ્ય અતિથિ ભૂતપૂર્વ ટોપર વિદ્યાર્થી મીત અજબકરના વાલી શ્રી હરેશ અજબકર હતા. તેમને જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવતું સુંદર વક્તવ્ય આપ્યું હતું. રમતોત્સવમાં ૧૦૦ મી દોડ, સ્કેટિંગ, બૂક બેલેન્સિંગ, લોટફુંકણી, બલૂન રેસ, લીંબુચમચી, સંગીત ખુરશી, દોરડાખેંચ જેવી સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં બાળકોએ જુસ્સાથી ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોને મેડલ, સર્ટીફિકેટ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ગત વર્ષે અલગ અલગ ક્ષેત્રમાં સારું પ્રદર્શન કરવામાં બાળકોને સ્કોલરશિપ આવામાં આવી. સ્પોર્ટ્સ અને શિક્ષણનું આપણા જીવન માટે ઘણું મહત્વ છે. રોજ રમવું અને ભણવું જોઈએ. તેની શિખ અપાઈ હતી. સાથે આચાર્ય દ્વારા આભાર પ્રગટ કરવામાં આવ્યો.

# સ્વામી વિવેકાનંદ હિલ શીલ્ડ ટુર્નામેન્ટ કાર્મેલ સ્કૂલે જીતી



સ્વામી વિવેકાનંદ હિલ શીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ ફોર બોયઝ શુક્રવારે યોજાઈ હતી. જેમાં, માઉન્ટ કાર્મેલ સ્કૂલ ચેમ્પિયન થઈ હતી. ટીમના ખેલાડી આર્યદેવ સિંહ વાઘેલાએ બંને મેચમાં ૫૦ રન, કુશ રાવલે ૭ વિકેટ, હેત પ્રજાપતિએ - વિનંગ સ્ટ્રોક તથા દીપ પટેલે ૪ સ્ટમ્પીંગ, ૩ કેચ કરી ટીમને વિજેતા બનાવી હતી. શાળાનાં આચાર્ય સિસ્ટર રેણુકાએ શાળા પરિવાર વતી પી. ટી. ટીચર દીપા બારોટ તથા ક્રિકેટ ટીમના ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### આપણું ફાઉન્ડેશન દ્વારા આજે

# સ્ત્રી સશક્તિકરણ માટે 'વૉક ઍન્ડ રન'

ગાંધીનગર, તા. ૨૭

આપણું ફાઉન્ડેશન દ્વારા રવિવાર, તા. ૨૮ જાન્યુઆરીના રોજ સવારે ૬થી ૧૧ કલાક દરમિયાન સેન્ટ્ર વિસ્ટા ગાર્ડન, ગાંધીનગર ખાતે બાળકોના આરોગ્ય તેમજ શિક્ષણ હેતુસર 'ચેરીટી થોન, વોક એન્ડ રન - લેટ્સ રન એજ્યુકેટ ગર્લ એન્ડ એમ્પાવર ધી નેશન' કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. ધવલ તન્નાએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે ગાંધીનગર તેમજ ગુજરાતમાં પ્રથમ વાર આ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. કાર્યક્રમનો મુખ્ય હેતુ છોકરીઓને શિક્ષણ અપાવીને શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરવાનો તથા બેટી બચાવો, બેટી પઢાવોનો નારો આખા દેશમાં ગુંજતો કરવાનો છે. આ કાર્યક્રમમાં પાંચ હજારથી વધારે મહિલાઓ, છોકરીઓ ભાગ લેશે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

કાર્યક્રમમાં ગાંધીનગરની કુલ ૩૨ સરકારી પ્રાથમિકશાળાઓ ભાગ લેશે. ભાગ લેનાર બે હજાર છોકરીઓ પૈકી અમુક છોકરીઓને ટ્રેક શૂટની કિટ ભેટમાં આપવામાં આવશે તથા તમામ સરકારી શાળાઓની છોકરીઓને જ્યુસ તથા નાસ્તાની સુવિધા આપવામાં આવશે. કાર્યક્રમની શરૂઆત ખ-૪ ખાતેથી થશે અને દોડનો રૂટ મહાત્મા મંદિરથી વિધાનસભા રોડ થઈને ઘ-૪ સુધીનો રહેશે.

ત્યારબાદ મહિલા સશક્તિકરણની થીમ પર ગાંધીનગર પોલીસ દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત ગાંધીનગરની ૩૨ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતી છોકરી, શહેરની નિવાસી યુવતિઓ તથા મહિલાઓ માટે ગ-૪થી ઘ-૪ રોડ પર સેલ્ફ ડિફેન્સ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ છોકરીઓને એરોબિક્સ તથા ઝુમ્બા જેવી કસરતો પણ કરાવવામાં આવશે અને સાથે સાથે તેમના માટે ગરબા અને ડાન્સનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# વડનગરા નાગર પરિવારો માટે ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પ

ગાંધીનગર, તા. ૨૭

શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા પગરવ હોસ્પીટલ અને આઈ.સી.યુ., સેક્ટર-૨૩, ગાંધીનગરના સહયોગથી જ્ઞાતિજનો માટે ફ્રી હેલ્થ ચેકઅપનું આયોજન તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ સુધી પગરવ હોસ્પીટલ અને આઈ.સી.યુ. ખાતે કરવામાં આવ્યું છે. હેલ્થ ચેકઅપમાં ફિઝીશિયન, જનરલ સર્જન, ગાયનેકોલોજીસ્ટ, પીડીયાટ્રિશિયન, ઈ.એન.ટી., ડેન્ટલ, ઓર્થોપેડીક અને ફિઝીયોથેરાપી જેવી વિવિધ શાખાઓના નિષ્ણાતો દ્વારા નિદાન કરવામાં આવશે.

હેલ્થ ચેકઅપ શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગરના આજીવન સભ્યો માટે જ યોજાયો છે. જે જ્ઞાતિજન આજીવન સભ્ય બન્યા ન હોય અને તેમ છતાં હેલ્થ ચેકઅપનો લાભ લેવા માગતા હોય તેઓ પોતાના સેક્ટરના પ્રતિનિધિઓ અથવા ખજાનચી શ્રી અભયભાઈ સ્વાદિયા મોબાઈલ નંબર ૯૪૨૮૯૧૦૫૦૦ ઉપર સંપર્ક કરી આજીવન સભ્ય બની શકે છે. હેલ્થ ચેકઅપ વિશેની વિસ્તૃત માહિતી મેળવવા શ્રીમતિ જીજ્ઞા દર્પણ બુચ મોબાઈલ નંબર : ૯૯૭૯૨૫૭૧૬૦ અથવા શ્રી જયંતભાઈ બુચ મોબાઈલ નંબર ૯૪૨૭૪૦૦૭૮૦ ઉપર સંપર્ક કરવા મંડળના પ્રમુખશ્રી પ્રહર અંજારીયાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# એસ કે પટેલ અંગ્રેજી શાળામાં 'વેજીટેબલ ડે'ની ભવ્ય ઉજવણી



કડી સર્વવિદ્યાલય સંચાલિત એસ. કે. પટેલ ઈંગ્લિશ મીડિયમ પ્રિ-પ્રાયમરી શાળામાં શનિવારના રોજ બાળકોએ 'વેજીટેબલ ડે' ઉજવ્યો. વાલીઓએ બાળકોને આજ રોજ લંચબોક્ષમાં ટામેટાં, કેરોટ અને રેડીશ આપ્યા હતા. ઉપરાંત બાળકો સાથે વેજીટેબલના ચાર્ટ , કેલેન્ડર ,બાસ્કેટ અને મોડેલ પણ બનાવીને મોકલાવ્યા હતા. બાળકો પોતાની સાથે અલગ-અલગ શાકભાજી જેવા કે, પોટેટો, કેબેજ, કોલીફ્લાવર, બ્રિંજલ,અને બીજા વિવિધ શાકભાજી લઈને આવ્યા હતા. શિક્ષિકાઓએ પણ બાળકોને ભિન્ન-ભિન્ન વેજીટેબલનો પરિચય આપી રોજિંદા આહારમાં તેનું મહત્વ અને શારીરિક તંદુરસ્તી માટે તેની જરૂરિયાત વિષે સમજાવ્યું હતું. બાળકો પણ વિવિધ શાકભાજી વિષેની જાણકારી મેળવી અત્યંત આનંદિત થઈ ગયા હતા.

# એસ. જી. પ્રાથમિક શાળામાં જાતીય માર્ગદર્શન અંગેના સેમિનારનું આયોજન થયું





એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં જાતીય માર્ગદર્શન અંગેના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. શરીરમાં થતાં ફેરફારના જ્ઞાનના અભાવે ક્યારેક બાળકો મુંઝવણ અનુભવે છે તેમજ હતાશામાં સરી જાય છે તે માટે આ કાર્યક્રમનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું.વિદ્યાર્થિનીઓ માટે બ્રહ્માણી કૃપા હોલમાં શેખાણી ઈન્ડસ્ટ્રીઝમાથી આવેલા કૃપા ઝવેરી મેડમે તેમજ વિદ્યાર્થીઓ માટે સી.એમ. નર્સિંગ કોલેજમાથી આવેલ મિલન અગ્રાવત દ્વારા શાળામાં આવેલ મલ્ટીપર્પઝ હોલમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે આ વિષય પર પ્રશ્નોતરી ચર્ચા પણ થઈ હતી.

# નગરસેવક દ્વારા વિદ્યાર્થીઓને કૉમ્પ્યુટર શિક્ષણ માટે સહાય

ગાંધીનગર, તા. ૨૭

વોર્ડ નં. ૬ના કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘરે સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળા, સેક્ટર-૭ની કોમ્પ્યુટર લેબના બંધ કોમ્પ્યુટરના રીપેરીંગ માટે રૂપિયા ૨૦ હજારનો ચેક આપી વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ માટે સરળતા કરી આપી છે. શાળા પરિવાર, વિદ્યાર્થીઓ, એમએમસી સભ્યો તથા વાલીગણે તેમની આ આધુનિક ટેકનોલોજી માટેની શૈક્ષણિક સહાય બદલ ખૂબ ખૂબ આભાર માન્યો છે. આ ઉપરાંત શાળાનાં મેદાનમાં આવેલ લચી પડેલ વૃક્ષોનું ટ્રીમીંગ, શાળાના મેદાનને સમથળ કરવું વગેરે કામગીરી કરાવી બાળકો માટેનું જોખમ દૂર કરેલ છે તેમજ શાળાના વિકાસ માટે અને વોર્ડ નં. ૬માં આવતી સરકારી શાળાઓના વિકાસનું વિશિષ્ટ કાર્ય હાથ ધરવાની તેમણે મહેચ્છા વ્યક્ત કરી તે સાકાર કરવાના શુભ પ્રયત્નોનું મંડાણ કરી સમાજના ખરા સેવક પૂરવાર થયા છે.

# તકદીર ખુદ ખુદાએ લખી પણ ગમી નથી, સારું થયું કે કોઈ મનુજે લખી નથી

જલન સાહેબ એક અદ્ભૂત વ્યક્તિ હતા. સરળ સ્વભાવના કારણે એમની પ્રતિભા અનેકગણી તેજસ્વી બની હતી. એમની રજૂઆત કરવાની અદા અદ્ભૂત હતી.

એક ગઝલના ગૌરી શિખરને લાખ લાખ સલામ અને હૃદયની શ્રદ્ધાંજલિ.

**- ભાગ્યેશ જહા**

જલન માતરી એટલે બહુ મોટા શાયર, મોટા ગઝલકાર. અનેકવાર એમને સાંભળવાનો લહાવો મળ્યો છે. ખાસ કરીને અસ્મિતા પર્વમાં તેઓને નિયમિત સાંભળ્યા છે.

જેટલા સારા ગઝલકાર એટલા જ મજાના માણસ. વર્ષો સુધી એમણે ઍસટીમાં નોકરી કરી અને ઍસટીના 'પ્રવાસી' નામના મુખપત્રમાં પણ લખતા, તેનું સંપાદન પણ તેઓ કરતા એવું મને યાદ છે.

**- ભરત કવિ 'ઊર્મિલ'**

જલન સાહેબ ગુજરાતી ગઝલના ટોચ સમા ગઝલકાર હતા અને ખૂબ ઉમદા ઈન્સાન હતા. ગઝલકારોમાં એમનું ઉચ્ચ કક્ષાનું સ્થાન છે, પણ તેમ છતાં એમને જ્યારે મળીએ ત્યારે સરળતા, સાદગી અને સૌજન્યશીલતાનાં દર્શન થાય એવા ઉચ્ચ કોટિના એ માણસ. મને તો એમના આ ગુણો સ્પર્શી ગયા છે.

અમની ગઝલનો અવાજ અને મિજાજ બંને ખૂબ જૂદા હતા. એ અલ્લાહ-ઈશ્વરની ઈબાદતની વાત કરતા હોય કે જીવનની ફિલોસોફીની વાત કરતા હોય - કોઈપણ વાંચે ત્યારે એને એમ થાય કે અમારી પોતાની વાત છે. આવા ગઝલકારો બહુ ઓછા મળે છે. એમના જવાથી ગુજરાતી ગઝલને નિ:શંક બહુ મોટી ખોટ પડી છે.

**- પ્રજ્ઞા પટેલ**

કોઈપણ મુશાયરામાં ઊભા થતાં જ જેમને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવતા હતા એવા સુપ્રસિદ્ધ ગઝલકાર- શાયર એટલે ગુજરાતી સાહિત્યની શાન જલન માતરી, જેઓ આપણી વચ્ચેથી હંમેશને માટે વિદાય લઈ ચૂક્યા છે.

પોતાની વેધક ગઝલ અને આગવા અંદાજમાં એને રજૂ કરવાની શક્તિથી એ ગમે તેવા મુશાયરામાં છવાઈ જતા. વ્યંગ, શંકા, ખુદા સામે ફરિયાદ અને આક્રોશ ઉપરાંત ખુદ્દારીથી ભરપૂર એવી ગઝલોથી એમણે ગુજરાતી ગઝલ વિશ્વને ઉજાગર કર્યું છે.

એમનું અસલ નામ અલવી જલાલુદ્દીન. જન્મ ૧ સપ્ટેમ્બર, ૧૯૩૪ના રોજ ખેડા જિલ્લાના માતર ખાતે થયો હતો.

પિતા સઆઉદ્દીન અલવી, માતા ઉમરાવ બેગમ. એમના પિતા ધર્મગુરુ અને ભારે વિદ્વાન વ્યક્તિ હતા. એમનાં માતા અરબી ભણેલાં હતાં ને અરબી કુરાન, હદીસ વગેરે વાંચતાં. ચાર ભાઈઓમાં જલન સૌથી નાના અને માતાને સૌથી વધારે વહાલા હતા. પત્નીનું નામ દુર્રેશહવાર. અમદાવાદમાં રાયખડ દરવાજા બહાર એમનું નિવાસસ્થાન, જેનું નામ 'નશેમન'.

એમના ભાઈ ફક્ર માતરી ગઝલો લખતા હતા, સારા વાર્તાકાર પણ હતા. એ સમયે 'નવચેતન'માં એમની વાર્તાઓ છપાતી હતી, મુંબઈના 'વેણી' સાપ્તાહિકનું સંપાદન પણ તેઓ કરતા હતા. એમાં ગઝલો વાંચીને ગઝલો લખવાની પ્રેરણા મળી. પછી તો ગાલિબ વગેરેને પણ વાંચ્યા ને અંતરમાં ઊતાર્યા.

માતરમાં એ જમાનામાં હાઈસ્કૂલ હતી નહીં, ખેડામાં હતી - ઍડવર્ડ મૅમોરિયલ હાઈસ્કૂલ, જેમાં તેઓ ચોથા ધોરણથી મૅટ્રીક સુધી ભણ્યા, અંગ્રેજી માધ્યમમાં. મૅટ્રીક પાસ કર્યા પછી પિતાએ કહ્યું કે હવે આગળ ભણાવી શકવાની શક્તિ નથી એટલે ભણવાનું બંધ કર્યું અને નોકરી સ્વીકારી લીધી. પહેલી નોકરી એક કન્સ્ટ્રક્શન સાઈટ પર હતી, પરંતુ એમાં થતાં ખોટાં કામો જોઈને એ નોકરીમાં તેઓ ઝાઝું ટક્યા નહીં. એ પછી ડીએસપી નોકરીમાં જોડાયા, પણ ત્યાંય ભ્રષ્ટાચાર વગેરે જોઈને એમનું મન કામ કરવા ન માન્યું, એટલે એ નોકરી પણ છોડી.

એ પછી સ્ટેટ ટ્રાન્સપૉર્ટ (ઍસટી)માં નોકરી લીધી ૧૯૫૭માં અને ૧૯૯૨ સુધી ઍસટીની નોકરીને જ વળગી રહ્યા, ઑફિસ સુપ્રિટેન્ડન્ટ તરીકે નિવૃત્ત થયા. ત્યાં પણ એ પૈસા બનાવવા ચાહતા તો બનાવી શકતા હતા, પરંતુ તેઓ પહેલેથી જ હરામની કમાણીથી દૂર રહ્યા હતા એટલે પ્રામાણિકતાપૂર્વક પોતાની ફરજ બજાવી.


જલન સાહેબના શબ્દોમાં જ કહીએ તો, 'હરામની કમાઈથી હંમેશા દૂર રહ્યો છું ને ઈમાનદારીથી જીવ્યો એનો આનંદ છે.'

'ઊર્મિની ઓળખ' અને 'જલન' એમના જાણીતા ગઝલસંગ્રહો છે. કુમાર માસિકમાં એમણે લખેલા પરિચયાત્મક લેખોમાંથી એક પુસ્તક થયું છે, જેનું નામ છે : ઊઘડી આંખ બપોરે રણમાં. એ ઉપરાંત શુકન, તપિશ, ઊર્મિનું શિલ્પ પણ એમના જાણીતા સંગ્રહો છે.

ગઝલ ક્ષેત્રમાં એમના ઉત્તમ યોગદાન બદલ ગુજરાત સરકાર દ્વારા એમને પ્રતિષ્ઠિત વલી ગુજરાતી ગઝલ ઍવોર્ડથી સન્માનિત કરાયા છે. ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી તેમના પુસ્તક 'ઊઘડી આંખ બપોરે રણમાં'ને શ્રેષ્ઠ પુસ્તક તરીકેનું પારિતોષિક (૨૦૦૫) પણ મળ્યું છે, તેઓ વડોદરા સાહિત્ય સભા દ્વારા શ્રેષ્ઠ ગઝલ સંગ્રહ ઍવોર્ડથી પણ સન્માનિત છે. ૨૦૧૬માં એમને નરસિંહ મહેતા ઍવોર્ડ પૂ. મોરારિબાપુના હસ્તે એનાયત કરવામાં આવ્યો છે.

રઘુવીર ચૌધરીએ એમના વિશે લખ્યું છે, 'જલને બહુ થોડું લખ્યું છે પણ તેમ છતાં તેઓ લાખો દિલો પર રાજ કરે છે.'

## બેસ્ટ ઑફ જલન માતરી



તકદીર ખુદ ખુદાએ લખી પણ ગમી નથી,
સારું થયું કે કોઈ મનુજે લખી નથી.

•

કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય,
નિજ ઘરથી નીકળી નદી પાછી વળી નથી.

•

શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર?
કુરાનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી.

•

ડૂબાડી દઈ શકું છું ગળાબૂડ સ્મિતને,
મારી કને તો અશ્રુઓની કંઈ કમી નથી.

•

મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે 'જલન',
જીવનની ઠેસની હજુ કળ વળી નથી.

•

નહીંતર હાથમાંથી જાય છટકી ? શી મજાલ એની ?
તું નક્કી સપનું જોઈને ઊંઘી ગયો હોઈશ.